

# ફરીવાર સળગતું કાશ્મીર: મોદી માટેમોટો પડકાર...

**ભારતીય અર્થતંત્રને નબળું પાડવા સાથે કાશ્મીરીઓને પૈસાથી ઉશ્કેરવાના કારસા ઘડાય છે. પથ્થર મારવાના પૈસા મળે તો કોણ ન મારે?**

**વિવેક મહેતા.** aarpar@gmail.com

નોટબંધી સમયે ઠરવા માંડેલું કાશ્મીર ફરીથી બૅન્ક લૂંટ અને નવલોહિયાઓની સંડોવણી સાથે ફરી સળગી રહ્યું છે.મોદી સરકાર માટે નકસલવાદની સાથે સાથે કાશ્મીરનો મામલો એક પડકાર બની ગયો છે. કાશ્મીરમાં અત્યારે હિંસા વકરી રહી છે. એ ઓછું હોય એમ પાકિસ્તાનનું લશ્કર પણ તેની બર્બરતા દેખાડી જાય છે, ત્યારે કાશ્મીરને પૃથ્વી પરનું સ્વર્ગ બનાવી રાખવા માટે ખાસ પ્રયાસ જરૂરી બની રહે એમ છે.

ભારતીય જવાનો ઉપર હુમલો કરીને પાકિસ્તાનની બોર્ડર એક્શન ટીમે શહીદ થયેલા બે જવાનોના મૃતદેહને ક્ષતવિક્ષત કરી નાંખ્યા હતા. પાકિસ્તાનની આ બર્બરતા કાંઇ નવી નથી. આ અગાઉ પણ પાકિસ્તાન એ ખેલ દેખાડી ચૂક્યું છે, એમ તો આંતરરાષ્ટ્રીય કાયદો તો શહીદો પ્રતિ ગૌરવ જાળવવાનું સૂચન કરે છે પણ જ્યાં કાયદાનું નામોનિશાન નથી તેવા પાકિસ્તાન પાસે એ આશા રાખી શકાય એમ નથી. પાકિસ્તાન સૈન્ય આ બર્બરતા આચરે ત્યારે સ્વાભાવિક છે કે લોહી ઊકળી ઊઠે. પરંતુ કાશ્મીરમાં આપણી દશા એક તરફ ખાઇ તો બીજી તરફ કૂવા જેવી છે. ઘર આંગણે હિંસા ભડકી રહી છે, તો બીજી તરફ પાકિસ્તાન સરહદ પણ સળગાવી રહ્યું છે. આ ઉધામા તો પાકિસ્તાન ચીનના ખીલે કૂદી કૂદીને કરી રહ્યું છે. અફઘાનિસ્તાનમાં સોવિયેત સંઘના સૈન્યની હાજરીથી કાબુલમાં નજીબુલ્લાહની સરકાર ટકી હતી, એ વખતે અમેરિકાએ અફઘાનિસ્તાનને સમરાંગણ બનાવી દીધું હતું. એક તરફ સોવિયેત લશ્કર હતું, તો બીજી તરફ અમેરિકા વાયા પાકિસ્તાન પ્રોક્સી વોર લડતું હતું. પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં કટ્ટરતાવાદીઓ પેદા કરવાનુ કામ કર્યું હતું, તો અમેરિકાએ એ ભડકામાં આર્થિક સહાય તથા શસ્ત્રો પૂરા પાડીને દાવાનળ પેદા કર્યો હતો. પાકિસ્તાનને મદદ કરવામાં પણ અમેરિકાએ પોતાનો સ્વાર્થ સાધવામાં ક્યારેય પાછા ફરીને જોયું ન હતું. બીજી તરફ પાકિસ્તાનમાં બેધારી સ્ફોટક પરિસ્થિતિ સર્જાઇ હતી જેના કારણે પછીના સમયમાં પાકિસ્તાન આંતરિક રીતે ખોખલું થતું ગયું હતું અને માત્ર ભારતવિરોધી ઝનૂનના આધારે પોતાનું એક રાષ્ટ્ર તરીકેનું અસ્તિત્વ ટકાવતું થઇ ગયું હતું. આજના પાકિસ્તાનની આંતરિક ડામાડોળ સ્થિતિ કે કાશ્મીરમાં હાલમાં પ્રવર્તમાન દાવાનળ જેવી પરિસ્થિતિ એ મૂળભૂત રીતે આ જ બેધારી સ્ફોટકતાનાં પ્રતિબિંબ જ છે. એમાં થયું હતું એવું કે એક તો મફતમાં શસ્ત્રો મળતાં થયાં એટલે પાકિસ્તાની લશ્કર તેમજ આઇએસઆઇએ તેનો ઉપયોગ કાયમી દુશ્મન ગણાતા ભારત સામે કરવા માંડ્યા, તો જે નાણાં આવ્યા તે લશ્કરી હાકેમો તથા રાજકારણીઓના ખિસ્સામાં ગયાં. ધીરે ધીરે અમેરિકાને સમજાયું કે પાકિસ્તાન જ અસલી આતંકવાદની જડ છે અને તેણે

ધીરે ધીરે અંતર કેળવવા માંડ્યું, પણ ત્યારે ઘણું મોડું થઇ ગયું હતું. બીજી તરફ અમેરિકાનો અવકાશ ભરી શકાય એ માટે ચીન સજ્જ થઇ ગયું હતું. ચીન માટે તો દુશ્મનનો દુશ્મન દોસ્ત એ નાતે પાકિસ્તાન દોસ્ત થઇ ગયું.

હવે પાકિસ્તાન ચીનના ખીલે કૂદવા માંડ્યું છે. ચીન હવે વિશ્વના પોલીસ દાદા તરીકે દંડો ઉછાળવા માંડ્યું છે. ખાસ કરીને દક્ષિણ ચીની સમુદ્રમાં પોતાની હાક અને ધાક રહે એ માટે કૃત્રિમ ટાપુઓ બનાવીને લશ્કરી છાવણી ઊભી કરી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તેને વિરોધી ચુકાદો મળ્યો છે, છતાં ચીન હૈ કે માનતા નહીં. વેલ, પોતાનું સામ્રાજ્ય વિકસાવવા માટે તથા વ્યૂહાત્મક વગ વધારવા માટે ચીન પાકિસ્તાન સાથેના ઇકોનોમિક કોરિડોર ઉપર મદાર બાંધીને બેઠું છે. એ કોરિડોર ચીનને પાકિસ્તાનના ગ્વાદર બંદર સાથે જોડશે. જોકે આ કોરિડોર સામે ભારતને પહેલેથી વાંધો છે કેમ કે પાકિસ્તાનના કબજા હેઠળના ભારતીય વિસ્તાર(પીઓકે)માંથી એ કોરિડોર પસાર થાય છે. તો વળી અલગતાવાદને વરેલું બલૂચિસ્તાન પણ આ કોરિડોર સામે વિરોધ કરી રહ્યું છે. ચીન માને છે કે ભારત એ વિરોધી હવાને બળ આપી રહ્યું છે. જોકે એ કાંઇ ખોટું પણ નથી. આ કોરિડોર એ વન બેલ્ટ વન રોડ પ્રોજેક્ટનો એક હિસ્સો છે. એ પ્રોજેક્ટ રાષ્ટ્રપતિ શી જિનપિંગનો ડ્રીમ પ્રોજેક્ટ છે, તેથી ચીન એ વિરોધને ચલાવી લે એમ નથી. ચીન ઇકોનોમિક કોરિડોર પ્રોજેક્ટમાં ૪૬ અબજ ડોલરનું રોકાણ કરવાનું છે, તે જોતાં એ આ પ્રોજેક્ટ પાર પડે તે માટે ઉત્સુક છે. એ સંજોગોમાં તેને ભારતનો વિરોધ પણ પસંદ નથી. આ પ્રોજેક્ટ માટે તે ભારતના હિતને ધ્યાનમાં લેવા તૈયાર નથી, ત્યારે ભારતે શા માટે તેના હિતને ધ્યાનમાં લેવું જોઇએ? બલૂચિસ્તાન તો વર્ષોથી પાકિસ્તાનથી અલગ થવા માંગે છે. સ્વાભાવિક છે કે પાકિસ્તાનનો એ પ્રાંત કુદરતી સ્ત્રોતો માટેનો ભંડાર ગણાય છે, પાકિસ્તાન તે ગુમાવવા ઇચ્છે નહીં એ સમજી શકાય એમ છે. આમ, ચીન અને પાકિસ્તાન બંને એક થઇને ભારતને રોકવા માટે કોઇ પણ હદે જવા તૈયાર છે અને તેને કારણે જ કાશ્મીરમાં હિંસા વધી રહી છે.

કાશ્મીરમાં હિંસા પાછળ પૈસાનું મોટું કારણ છે. પૈસા વેરીને હિંસા કરાવાય છે, ખાસ કરીને પથ્થરમારો કરાવાય છે. આતંકવાદી તરીકે લડવા માટે પણ ઐય્યાશી તથા નાણાં વેરવા જરૂરી છે, એ વાત આતંકવાદના આકાઓ જાણે છે. કાશ્મીરમાં પણ એ જ ફોર્મ્યુલા ઉપયોગમાં લેવાઇ રહી છે. ગયા વર્ષે નોટબંધીના અમલ સાથે જ કાશ્મીરમાં સોપો પડી ગયો હતો. પાકિસ્તાન કાશ્મીરમાં થઇને ભારતમાં બોગસ નોટો ઘૂસાડતું રહ્યું છે. ભારતના અર્થતંત્રને નબળું પાડવા સાથે કાશ્મીરીઓને પૈસા આપીને ઉશ્કેરવાના કારસા પાકિસ્તાન ઘડે છે. પથ્થર મારવાના પૈસા મળે તો કોણ ન મારે? આતંકવાદીઓનાં બ્રેઇનવૉશ કરીને તેમને હિંસા માટે પ્રેરિત કરવામાં આવે છે એ વાત કાંઇ નવી નથી. પરંતુ નોટબંધીને કારણે નાણાંનો સ્ત્રોત સુકાયો છે. એ ફરી જોમવંતો બને એ માટે સમય જશે. એ દરમ્યાન આતંકવાદીઓને લડતા રાખવા માટે પૈસા તો જોઇએ જ, એ માટે સ્થાનિક કટ્ટરતાવાદીઓ કે ગુમરાહ થયેલાઓને બૅન્ક લૂંટવાના કામે લગાડી દેવાયા છે. ખાસ કરીને જમ્મુ એન્ડ કાશ્મીર બૅન્કની કાશ્મીર ખીણમાં આવેલી શાખાઓ લુંટાઇ રહી છે. આ લૂંટના બનાવો વધતાં હવે રોકડ ટ્રાન્ઝેક્શન ઓછું કરવા માટે સૂચન કરાયું છે. હાલમાં જે બૅન્કો લુંટાઇ છે તેના નાણાં કાશ્મીરમાં લડનારાઓને જ અપાઇ રહ્યાં છે. આતંકવાદીઓ પણ પ્રોફેશનલ કિલરની જેમ કામ કરતા થયા છે, તેથી નાણાં લઇને જ હિંસા ભડકાવે છે. અહીં પાકિસ્તાનના હાથ બંધાયા છે.



વક્તા એ છે કે એક તરફ પાકિસ્તાનમાં નબળું લોકતંત્ર છે અને તેમાં પણ મોટા ભાગના રાજકારણીઓ ભ્રષ્ટાચાર જેવા કેસોમાં ખરડાયેલા છે. હાલના વડાપ્રધાન નવાઝ શરીફ પણ પનામા પેપર્સના દાવા મુજબ કરોડો રૂપિયા ઉસેટી ગયા છે. આવા ખરડાયેલા રાજકારણીઓ પોતાની ખુરશી તથા પોતાનું માથું સાચવવામાં સક્રિય હોય ત્યારે લશ્કરના કાવતરાં સાથે સહમત થતા જ હોય છે. એક બે નહીં ચચ્ચાર વખત યુદ્ધમાં ભારત સામે કારમો પરાજય વેઠનારા પાકિસ્તાની લશ્કર તેની નાલેશીનો બદલો લેવા માટે તરસતું રહે છે, તેથી તે ભારતને જંપવા દે એમ નથી. સાથે જ રાજકારણીઓ પણ પોતાની ખુરશી માટે મત મેળવવા માટે ભારત વિરોધી સૂર આલાપતા રહે છે. સરવાળે પાકિસ્તાનમાં ભારત વિરોધી ઝનૂન પેદા થતું જ રહે છે. પાકિસ્તાન બેવડા મોરચે એ ઝનૂનનો ઉપયોગ ભારત સામે કરી રહ્યું છે. આતંકવાદીઓને તાલીમ અને શસ્ત્રો પૂરાં પાડી તેઓને ભારતમાં આતંક વેરવા માટે ઘૂસાડતું રહે છે, તો બીજી તરફ આઇએસઆઇએ એક નવી તરેહ પેદા કરી છે. જે તે દેશમાં આતંક ફેલાવવા માટે ત્યાંના લોકોનો જ ઉપયોગ કરવો જેથી કોઇને સંદેહ પેદા ન થાય અને આતંક ફેલાવી શકાય. એ માટે નવલોહિયા, ખાસ કરીને ટીનએજમાં પણ નહીં પહોંચેલાં છોકરાઓને સરળતાથી ભરમાવી શકાય છે અને એ જ કામ હવે કાશ્મીરમાં શરૂ થયું છે.

હાલમાં પથ્થરમારો થયો, તેમાં પથ્થરબાજોમાં શાળા- કોલેજના વિદ્યાર્થીઓની સંખ્યા મોટી હતી. એક આતંકવાદી પકડાયો તે ઘૂસણખોર ંમાંડ ૧૨ વર્ષનો હતો. એ નાનકડો છોકરો સારા નરસાને કઇ રીતે મૂલવી શકે ? એ તો થોડી લાલચમાં કોઇ પણ કામ કરવા તૈયાર થઇ જાય. આ સિનારિયો ભારત માટે ચિંતાનો વિષય છે. સ્થાનિક કિશોરો પથ્થરબાજ તરીકે કામ કરતા થાય કે આતંકવાદી બની જાય તો તેઓ એ બાબતનો એક પુરાવો છે કે આતંકવાદીઓ અને તેમના આકાઓ કાશ્મીરની નવી-ઉગતી-પેઢીને પણ આતંકના અંધકાર ભણી વાળવામાં સફળ થયા છે. સ્થાનિક લોકોની મદદ મળે તો આ પ્રકારની પરિસ્થિતિને નિયંત્રિત કરવી એ કોઇ પણ સરકાર અને લશ્કર માટે મુશ્કેલ બની જાય છે. જુઓને થોડા વખત પહેલાં જ એક જવાનને સરેઆમ મારતા હતા. ગૌરવવંતો જવાન બિચારો માર ખાતો હતો. તેનામાં શૌર્ય ન હતું, એવું નહીં પણ તેને કાયદામાં રહીને કામ કરવાનું હોય છે.

આ હિંસા વચ્ચે ભાજપ અને પીડીપીની સરકાર તૂટી પડે એવા સંકેત મળતા હતા કે તરત જ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તી તરત દિલ્હી દોડ્યા અને કાશ્મીર પહોંચીને કાશ્મીર સમસ્યા કોઇ હલ કરી શકે તો એ મોદી જ હોવાનું ગાણું તેમણે ગાયું છે. તેમનો આશાવાદ એકલાંનો નથી. આખો દેશ એ આશા સેવી

બેઠો છે. બધા જ માને છે કે મોદી સરકાર કાશ્મીરમાં કોઇ કડક પગલાં ભરી પંજાબમાંથી અલગતાવાદને નાથવામાં સફળતા મળી હતી, એવી સફળતા કાશ્મીરમાં મેળવી શકે છે. જમ્મુ કાશ્મીર રાજ્ય મુખ્ય ત્રણ વિસ્તારમાં વહેંચાયેલું છે : જમ્મુ, લદ્દાખ અને કાશ્મીર. જમ્મુ અને લદ્દાખની પ્રજા તો આતંકવાદ અને અલગતાવાદથી જોજનો દૂર છે. સમસ્યા ફકત કાશ્મીરમાં જ છે. ખાસ કરીને કાશ્મીરના ખીણ પ્રદેશ કે દક્ષિણ કાશ્મીરમાં જ ઉપદ્રવ છે. એ માટે એક તો તેમને મળતી સહાય બંધ કરવાની જરૂર છે. એ માટે પાકિસ્તાનને પાઠ ભણાવવાની જરૂર છે. એમ પણ છાશવારે યુદ્ધ વિરામનો ભંગ કરતા પાકિસ્તાનની બર્બરતાનો પણ હિસાબ તો ચૂકતે કરવો પડે એમ જ છે. આપણું સૈન્ય એ કામ કરતું જ રહે છે. જોકે મિડિયામાં તેના સમાચાર વ્યૂહાત્મક દૃષ્ટિએ જ અપાતા નહીં હોય. મેના બીજા અઠવાડિયામાં જ બે મહિના પહેલાં ભારતીય સૈન્યે રોકેટ દાગીને પાકિસ્તાનમાંના સાત બંકરો ઉડાવી દીધાં હતાં, તેનો વિડિયો વાઇરલ થયો હતો. લશ્કરી જવાબ તો આપવો જરૂરી જ છે. બાંગ્લાદેશ અલગ કરી નાંખવા છતાં પાકિસ્તાન હજુ સુધર્યુ નથી, ત્યારે તેના બીજા ટુકડા કરી નાંખવા વ્યૂહાત્મક દૃષ્ટિએ વધુ યોગ્ય છે. એ માટે અંદરખાને ભારત સક્રિય છે જ. મોદીએ તેમના સંબોધનમાં ગિલગીટ- બાલ્ટીસ્તાન અને બલૂચિસ્તાનનો ઉલ્લેખ કરીને પાકિસ્તાનને આડકતરી ચીમકી આપી જ દીધી હતી. પરંતુ પાકિસ્તાન શાંતિથી પોતાના વિકાસને વધારવાને બદલે સતત ભારતની લીટી ભૂંસી નાંખી ટૂંકી કરવા માટે પ્રયાસ કરતું રહે છે, ત્યારે તેની શક્તિ કદ પ્રમાણે વેતરવી પડે. સાથે જ ઘર આંગણે પણ વિકાસના ફળ ચાખવા મળે એ માટે પણ પ્રયાસ કરવા પડશે, તો જ સ્થાનિક લોકોને અલગતાવાદ અને આતંકવાદથી દૂર રાખી શકાશે. એ માટે મોદી સરકાર શું પ્રયાસ કરે છે એ ઉપર સૌની નજર છે. જોકે પહેલું કામ તો એ જ કે આતંકવાદીઓને મળતી મદદનો સ્ત્રોત જ કાપવો રહ્યો, એ માટે સરકાર કેવા પ્રકારનું મિશન હાથ ધરે છે એ જોવું રહ્યું.

કેટલાક સત્તાવાર અહેવાલોને સાચા માનીએ તો સરકારે આ દિશામાં કાર્યવાહી તો આરંભી જ દીધી છે. જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાન અને આતંકવાદ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા અને અહીં સતત અશાંતિ ફેલાવતા આતંકીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમર્થન, રક્ષણ અને નાણાકીય સહાય પૂરી પાડતાં લોકો વિરુદ્ધ સઘન તપાસ અભિયાન ચલાવવાનો ઉચ્ચસ્તરીય સત્તાવાર આદેશ એનઆઇએને અપાઇ ગયો છે અને એનઆઇએ પોતાની કામગીરી શરૂ પણ કરી ચૂકી છે. આ સંદર્ભે એ પણ ઉલ્લેખનીય છે કે આ તપાસમાં જમ્મુ-કાશ્મીરની અશાંતિ પાછળ અલગાવવાદી નેતાઓની સક્રિય ભૂમિકા ઉજાગર થઇ ચૂકી છે.



# આતંકવાદીઓની બર્બરતા : જવાનનું અપહરણ, ટોર્ચર ને હત્યા

૨૩ વર્ષનો ઉમર ફૈયાઝ હજુ છ મહિના પહેલાં જ લશ્કરમાં જોડાયો હતો. આર્મી ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો. આ ઘટના બની ત્તે પહેલી વખત રજા લઇને ઘરે પહોંચ્યો હતો. તેના મામાની દીકરીના લગ્ન હોવાને કારણે તેણે રજા મંજૂર કરાવી ત્યારે તેને ક્યાં ખબર હતી કે એ તેની આખરી રજા જ બની જવાની છે. કાશ્મીર ઉકળી રહ્યું છે, તેમાં આતંકવાદીઓ પ્રજામાં ભય રહે એ માટે બર્બરતા આચરી રહ્યા છે. સાથે જ યુવાનો ભારત તરફ ન ઢળે એ માટે સતત પ્રયાસ કરી રહ્યા હોવાનું ઉદાહરણ ઉમર ફૈયાઝની હત્યાથી પૂરું પાડ્યું છે. ઉમર ફૈયાઝ ૨૫મી મે સુધીની રજા લઇને ઘરે ગયો હતો. મામાની દીકરીના લગ્નમાં પણ તે ગયો હતો. રજા તેને માટે જ સ્તો લીધી હતી. શાદી તો ચાલી રહી હતી, ત્યાં જ સશસ્ત્ર આતંકવાદીઓ ત્યાં ત્રાટક્યા હતા અને ઉમરનું અપહરણ કરી ગયા હતા. તેના પરિવાર માટે લગ્નનો ઉલ્લાસ ચિંતામાં પલટાઇ ગયો હતો. તપાસ શરૂ થઇ અને લશ્કર-પોલીસે પણ પોતાની તપાસ આગળ ચલાવી પરંતુ કોઇ જ પરિણામ આવ્યું નહીં. બીજા દિવસે વહેલી સવારે બનાવના સ્થળથી 3 કિલોમીટર દૂર ગામમાં જાહેરમાં તેનું શબ મળી આવ્યું. તેના મૃતદેહની તપાસ થઇ ત્યારે આતંકવાદીઓની બર્બરતા બહાર આવી હતી. આતંકવાદીઓએ તેને આખી રાત ટોર્ચર કર્યો હોવાના પ્રમાણ મળી આવ્યા હતા. ઉમરના પગ તોડી નંખાયા હતા, તો દાંત પણ ખેંચી કઢાયા હતા. માર મારવામાં કોઇ કચાશ છોડી ન હતી અને બર્બરતાથી જીવ ઘરાયો હશે, ત્યાં આંખ અને માથા પર ગોળી છોડીને ઉમરની હત્યા કરી નંખાઇ હતી. જવાનનું મૃત્યુ થયું હોવાને કારણે સૈન્યે પૂરા સન્માનથી તેને અંતિમ વિદાય આપી હતી. આતંકવાદીઓ પ્રજામાં ભય પેસાડવા માંગતા હતા, તેથી જ તેના જનાજા ઉપર પણ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. હવામાં ફાયરિંગના બે ધડાકા પણ સંભળાયા હતા અને તેથી ભાગદોડ મચી ગઇ. જોકે આપણા સૈન્યે આર્મી ઓફિસરની અંતિમયાત્રા બગડે નહીં એ માટે સંયમ રાખ્યો. આતંકવાદીઓ પ્રજાને ભયથી ફફડતી રાખવા માંગે છે. પ્રજા ભયથી રહે તો ધારેલાં કામો કરી શકાય એવી સીધી ગણતરી આતંકવાદીઓની છે અને તેથી જ ભારતીય સૈન્યમાં જોડાયેલા ઉમરને ક્રૂરતાથી રહેંસી નંખાયો હતો. આતંકવાદીઓના જનાજામાં ગોળીબાર કરીને સલામી અપાય છે, જ્યારે જવાંમર્દ જવાનના જનાજામાં પથ્થરમારો થાય એ ઘટના ચિંતાજનક છે. કાશ્મીર વણસી રહ્યું છે, ત્યારે હવે કડક હાથે પગલાં ભરવાનો સમય પાકી ગયો છે. સામે પક્ષે લશ્કર પણ સબઝર અને મટ્ટુ જેવા આતંકીઓના સફાયા અને મેજર ગોગઇ જેવા લોકોના સન્માન દ્વારા પોતાના ઇરાદા સ્પષ્ટ કરી ચૂક્યું છે